# Leicester Maher Community Association

*To create unity, promote Education, Culture and Activity*

15 Ravensbridge drive Leicester LE4 0BZ   Tel:- 0116 2425360

**Charity No:** 1039128


ॐ

૨૪/૦૮/૨૦૧૨

વહાલા જ્ઞાતિજનો, ભાઈઓ અને બહેનો

અમે થોડા સમય પહેલા એક પત્રિકા દ્વારા તમને જણાવેલ કે આ વર્ષે નવરાત્રીના દિવસો દરમિયાન આઈડેન્ટીટી પાસ અને ટિકિટો નો ઉપયોગ કરવામાં આવશે આ પહેલાના કાગળમાં જણાવ્યા પ્રમાણે આ કાર્ય હાથ ધરવાનું ફક્ત એક જ કારણ છે અને આ છે આપણી જ્ઞાતિનું અને આપણા વારસાનું રક્ષણ.

આ વર્ષ ના નવરાત્રી ના પ્રસંગે આ આઈડેન્ટીટી કાર્ડ મહેર જ્ઞાતિના એક માનનીય સભ્ય તરીકે તમારા માટે એક અગત્યનું પ્રતિક બની રહેશે. અમારી અંતરની ઈચ્છા છે કે આ કાર્ય દ્વારા આપણે સૌ આ સમાજના કાર્યોમાં ભવિષ્ય માટે એક હકારાત્મક ભાવના ઉત્પન કરી શકીશું અને નવા સભ્ય ભાઈ બહેનો આ સંસ્થામાં સક્રિય ભાગ લેતા થશે .

અહી નોંધ લેવી જરૂરી છે કે આ આઈડેન્ટીટી પાસ અને ટિકિટોની યોજના પાછળ કોઈ નાણાકીય ભાવના નથી. આ આઇડેન્ટીટી પાસ અને ટિકિટો મહેર જ્ઞાતિના સભ્યો માટેજ છે અને મહેર જ્ઞાતિ સિવાય કોઈ પણ વ્યક્તિને આ સગવડતાનો લાભ નહિ મળી શકે.
આ વર્ષે પણ આપણે નવરાત્રીનો પ્રસંગ એકદમ આનંદદાયી અને દર વર્ષોની માફક ભવ્ય રહેશે અને ફક્ત મહેર જ્ઞાતિના સભ્યોજ આ પ્રસંગનો લાભ લઇ શકશે. અહી આ પત્ર દ્વારા અમે જે માહિતી આપણી સમક્ષ રાખીએ છીએ એ વિષે નોંધ લેવા ખાસ વિનંતિ અહી સૌ પ્રથમ અમારી ખાસ અરજ છે કે મહેર જ્ઞાતિના કોઈ પણ સભ્યે જરા પણ ડર અનુભવવાની જરૂર નથી કારણકે આ કાર્યના દરેક પગલે મદદ મળી રહે એવી વ્યવસ્થાની ગોઠવણ કરવામાં આવશે અને આપ સૌ જ્ઞાતિજનો આ બાબત યોગ્ય સહકારનો લાભ આપશો એવી અમારી અંતરની ઈચ્છા છે. આ પ્રસંગ અને આઈડેન્ટીટી કાર્ડ અથવા ટિકિટો બાબત કોઈ ગેરસમજ ન ઉભી ન થાય એ વાત ધ્યાનમાં રાખીને અમે આ પત્ર ને ત્રણ ભાગમાં આપણી સમક્ષ રાખીએ છીએ.

ભાગ એક: હયાતી શેર હોલ્ડરો અને નવા શેર હોલ્ડરો

ભાગ બે: જે જ્ઞાતિજનો શેર હોલ્ડર નથી અને કોઈપણ કારણો ના લીધે અત્યારે શેર હોલ્ડર નહિ બનવાનું પસંદ કરે છે પણ જ્ઞાતિ પ્રત્યે અનહદ પ્રેમ ધરાવે છે. આ ભાઈ બહેનો ટિકિટો દ્વારા અથવા નવ દિવસના પાસ દ્વારા આ વર્ષના પ્રસંગમાં ભાગ લઇ શકશે.

ભાગ ત્રણ: જે જ્ઞાતિના શેર હોલ્ડર થવા માંગે છે એમના માટે જરૂરી માહિતી.

ભાગ એક: જે જ્ઞાતિજનો હયાતી શેર હોલ્ડર છે અને નવા શેર હોલ્ડરો એ નોંધ લેવી. અહી નવા અને જુના શેર હોલ્ડરો માટે અમે એક ખાસ આઈડેન્ટીટી કાર્ડ ની સગવડતા ઉભી કરી છે અને આ સગવડતાનો લાભ દરેક શેર હોલ્ડરો લઇ શકશે. આ મહેર જ્ઞાતિના એક માનનીય શેર હોલ્ડર તરીકે તમે તમારા કુટુંબના દરેક સભ્યો જે આપના સરનામાં સાથે જોડાયેલ હશે. એમને વિના મુલ્યે પાસ દ્વારા ભાગ લેવડાવી શકશો. આ કુટુંબી સભ્યો માટે તમારે ફક્ત માહિતી અને પુરાવામાં માંગેલ દસ્તાવેજી પ્રૂફ આપવાના રહેશે.આ બાબત વધુ માહિતી આ પત્રના છેલ્લા ભાગમાં મળી રહેશે. આ આઈડેન્ટીટી કાર્ડ સોમવાર ૩ જી સપ્ટેમ્બર ૨૦૧૨ પછી તેયાર રહેશે અને રવિવાર ૩૦મી સપ્ટેમબર પહેલા સૌ જ્ઞાતિજનો મેળવી લેશે એવી અમારી વિનંતી છે. અહી આપના મહેર જ્ઞાતિજનોને એક વિનંતી સાથે જણાવવાનું કે આ આઈડેન્ટીટી કાર્ડ મેળવવાની તમામ જવાબદારી તમારી ઉપર આધારિત છે. આ આઈડેન્ટીટી કાર્ડ અથવા ટિકિટો નું કોઈ પણ સંજોગોમાં ટપાલ દ્વારા વિતરણ નહિ કરવામાં આવે. અહી આ નિર્યણ લેવાનું કારણ છે ડેટા પ્રોટેક્શન અને સુરક્ષા ની વ્યવસ્થા. અહી અમારી સૌની એક અંતરની ઈચ્છા છે કે આપ સૌ આઈડેન્ટીટી કાર્ડ મેળવી લેજો અને આ વર્ષના પ્રસંગમાં આનંદપૂર્વક ભાગ લઇ શકશો.
અહી કોઈ કારણોના લીધે તમે આ વયક્તિગત આઈડેન્ટીટી કાર્ડ લેવા માટે મહેર સમાજ ના જ્ઞાતિ ભવનમાં ન આવી શકતા હોઈ તો અમને જણાવવા ખાસ વિનંતી. અહી જ્ઞાતિજનોએ નોંધ લેવી જરૂરી છે કે પુરાવા માટે માગવામાં આવેલ પ્રૂફની ફોટોકોપી નકલ નહિ પુરવાર થાય. આ માટે તમારે ઓરીજીનલ પ્રૂફ ની રજૂઆત કરવાની રહેશે.

અહી ખાસ નોંધ લેવી જરૂરી છે કે ૧૮ વર્ષની નીચેના ભાઈ બહેનો અથવા ૬૫ વર્ષથી ઉપરની ઉમરના વડીલો અથવા વિકલાંગ જ્ઞાતિ જનોને મફતમાં પ્રવેશ આપવામાં આવશે અને એમને કોઈ પણ પાસ અથવા ટિકિટો લેવી નહિ પડે. આ ઉપરાંત અમારી આશા છે કે આ નવરાત્રીના દિવસો દરમિયાન આપ સૌ આઈડેન્ટીટી ના કાગળો સાથે રાખશો કારણકે પ્રવેશદ્વારની વ્યવસ્થા સંભાળતા કાર્યકરો અણધારેલ ચેકિંગ કરતા રહેશે જેથી કરીને આપણી જ્ઞાતિ સિવાયના કોઈપણ સભ્ય પ્રવેશ ન મેળવી શકે અથવા મહેર જ્ઞાતિ જનો માટે કોઈ અગવડતા ઉભી ન થાય.

**Leicester Maher Community Association**
*To create unity, promote Education, Culture and Activity*
15 Ravensbridge drive Leicester LE4 0BZ Tel:- 0116 2425360
**Charity No:** 1039128

ભાગ બીજો : જે ભાઈ બહેનો શેર હોલ્ડર નથી

અહી અમે નોંધ લઈએ છીએ કે કોઈપણ કારણોના લીધે જ્ઞાતિ જનો જે સમાજના માનનીય સભ્યો છે પણ આ વર્ષે શેર હોલ્ડર નહિ થવાનું પસંદ કરે છે એમને પણ આ વર્ષના નવરાત્રીનો પુરેપુરો લાભ મળી રહે એ ઈચ્છાએ અમે ટિકિટો ની વ્યવસ્થા કરી છે.

અહી આ પહેલાનાં પત્રમાં જણાવેલ માહિતી ફરીથી ટાંકીએ છીએ , નોંધ લેવા વિનંતી .

£૫.00 - એક વ્યકિતને એક દિવસનો પ્રવેશ

£૫0.00 - નવ દિવસનો ફેમેલી પાસ (કુટુંબીજનો જે એકજ સરનામે રહે છે.)

£૩0.00 -એક વ્યક્તિ માટે નવ દિવસનો પાસ આ જ્ઞાતિજનોએ મહેર જ્ઞાતિ ભવનનો સંપર્ક કરવાનો રહેશે અને એમના તરફથી પુરાવાના પ્રૂફ મળ્યા બાદ ટિકિટો ની વહેચણી કરવામાં આવશે. અહી અમારી ઈચ્છા છે કે અમે પુરાવા રૂપે માંગેલ કાગળો ની નોંધ મેળવ્યા પછી વિના વિલંબે ટિકિટો ની વહેચણી કરવામાં આવશે.

ભાગ ત્રણ: શેર હોલ્ડરબનવાની સગવડતા

અહી અમારી ઈચ્છા છે કે આપ મહેર સમાજ (યુ કે) લીમીટેડ ના શેર હોલ્ડર થઇ શકશો. આગળ જણાવ્યા પ્રમાણે આ વર્ષના નવરાત્રીના પ્રસંગમાં ભાગ લેવા માટે દરેક ઘર તરફથી એકજ શેર હોલ્ડર હોઈ તો પણ આ સરનામે રહેતા તમામ કુટુંબીજનો ને મફતમાં પ્રવેશ મળી શકશે.

આ કાગળ સાથે અમે શેર હોલ્ડર બનવા માટે એક અરજી / ફોર્મ મોક્લાવીયે છીએ અને અમને આશા છે કે આ ફોર્મ દ્વારા દરેક ભાઈ બહેનો શેર હોલ્ડર બનવાની કોશિશ કરશે.

અહી શેર હોલ્ડર બનવાની ક્રિયા વિષે નોંધ લેવા ખાસ વિનંતી:

૧. આફોર્મ માં માંગણી કરેલ માહિતી અને જણાવેલ રકમ આપના જ્ઞાતિ ભવનમાં પહોચાડવી. તમે જમા કરાવેલ રકમની એક પહોચ ત્યારે જ મેળવી લેવી. આ ફોર્મની જણાવેલ માહિતીની તપાસ મહેર સમાજ (યુ કે) લીમીટેડના સેક્રેટરી દ્વારા કરવામાં આવશે અને ફોર્મ માં ઘટતી માહિતી વિષે કદાચ આપનો સંપર્ક કરી શકે છે. અહી નોંધ લેવી જરૂરી છે કે લેસ્ટર મહેર કોમુનીટી એસોસીએશન પાસે શેર ની વહેચણી કરવાનો કોઈ હક્ક નથી. આ શેર વહેચણીની વ્યવસ્તા માટે મહેર સમાજ (યુ કે) લીમીટેડ જ જવાબદાર છે.

૨. આ સાથે તમારી સાથે રહેતા દરેક સભ્યોની માહિતી જ્ઞાતિ ભવનમાં જણાવે એટલે એમના માટે આઈડેન્ટીટી કાર્ડ ની સગવડતા કરી શકાય.

૩. મહેર સમાજ (યુ કે) લીમીટેડના સેક્રેટરી દ્વારા તમારી અરજીની તપાસઅણી અને મંજુરી મળતાની સાથે જ તમારા માટે આઈડેન્ટીટી કાર્ડ ની સગવડતા કરવામાં આવશે (અહી તમારા જણાવ્યા મુજબ કુટુંબીજનો જે તમારી સાથે રહે છે એમના માટે પણ સગવડતા કરવામાં આવશે. )

૪. અહી ટુકમાં અમે આશા રાખીએ છીએ કે આ ઔલ્ખ્પત્ર પાસ લેવા માટે તમે જયારે જ્ઞાતિ ભવનમાં આવશો ત્યારે નવું શેર હોલ્ડર સર્ટીફિકેટ પણ તમારા માટે તેયાર રાખવામાં આવશે.

આ કાગળમાં જણાવેલ માહિતી વિષે અથવા કોઈ પણ મુદા બાબત સમજણ ન પડે અથવા તો કોઈ પણ પ્રશ્ન હોઈ તો ભાઈ શ્રી નાગાજનભાઈ બાપોદરા (૦૭૮૬૬ ૪૯૩૨૨૧) અથવા મહેર જ્ઞાતિ ભવનનો (૦૧૧૬ ૨૪૨૫૩૬૦) સંપર્ક કરવા ખાસ વિનંતી.

અમને આશા છે કે આ કાગળમાં જણાવેલ માહિતી દ્વારા આપના પ્રશ્નો નો જવાબ મળી રહેશે. આ ઉપરાંત કોઈપણ પ્રશ્ન અથવા મુઝવણ હોઈ તો અમારો સંપર્ક સાધવા ખાસ વિનંતી. આ કાર્યની સફળતા પૂર્વક સંભાળ માટે પ્રીતીબેન બદિયાનીને જવાબદારી સોપવામાં આવેલ છે. આ બહેન કોઈપણ જાતના બંધન સિવાય જ્ઞાતિને સેવા આપવામાં સફળ રહેશે અને તમારા તરફથી અમને સંપૂર્ણ સહકાર મળી રહેશે એવી અમારી અંતરની ઈચ્છા છે.

આ વર્ષના નવરાત્રીના પ્રસંગમાં આપ સો જ્ઞાતિ જનો એકમતે સાથ આપશો એ વિચારે આપનો ખુબ ખુબ આભાર.

| ડોક્ટર ભીમાભાઇ ઓડેદરા | લાખણશીભાઈ મોઢવાડિયા | નાગાજણભાઈ બાપોદરા |
|---|---|---|
| ટ્રસ્ટી મેનેજિંગ | પ્રમુખ | સેક્રેટરી |

લેસ્ટર મહેર કોમ્મુનીટી એસોસિયેશન વતી